સત્યમેવ જયતે

દાખલ તારીખ :
રજીસ્ટરતારીખ :
ફૈસલ તારીખ : ૦૩–૦૩–૨૦૧૮
સમયગાળો : વર્ષ – માસ – દિવસ

**મે. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી જે.એસ.શાહ સાહેબની કોર્ટમાં**
**જી.નર્મદા ,મુ. રાજપીપલા**

**ક્રિમીનલ કેસ નંબર :૧૮૦૯/૨૦૧૨**
**આંક :**

**ફરીયાદી : ગુજરાત ધી રજીસ્ટ્રાર ઓફ કંપનીશ**
**ગુજરાત આર.ઓ.સી.ભવન ઓફીસ પાસે**
**રૂપલ પાર્ક સામે,અંકુર બસ સ્ટેન્ડ નજીક**
**અમદાવાદવ.૩૮૦૦૧૩**

**વિરૂધ્ધ**

**આરોપીઃ(૧) શ્રી રામચંદ્રા બગરોડીયા**
**(૨) શ્રી બાલકૃષ્ણ ગુરૂમુર્તિ**
**(૩)શ્રી દામોદર પ્રહલાદ અગ્રૅવાલ**
**(૪) શ્રી ભારત ભુષણ(ડાયરેકટર)**

**સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી પી.ડી.લીમ્બાચીયા**
**આરોપી તરફે વિ.વ.શ્રી એસ.કે.જોષી**

**ગુનોઃ ફરીયાદ સેકશન ૨૯૯(૪) કંપની એકટ,૧૯૫૬ હેઠળ**

## ચુકાદો

**સદર કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,**

૧ ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપીઓ ઉપરોકત કંપનીના ડાયરેકટર હોય અને ઈન્સ્પેકશન દરમ્યાન પાઈવેટ કંપનીઓ સાથેના ડાયરેકટરોના કોન્ટાકટ બાબતે ર૯૯(૪)નો ભંગ બદલ હાલની ફરીયાદ દાખલ કરેલ છે. અને તે રીતેની ફરીયાદ આપેલ છે.

ર. આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા તેઓને ક્રિ.પ્રો.કોડ કલમ–ર૦૭ અન્વ્યે કેસ પેપર્સની નકલ આપ્યા બાદ આરોપીઓ વિરુધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીઓનુ નિવેદન રેકર્ડ કરતા આરોપીઓએ ગુનો કબુલ રાખેલ છે. તેમજ કબુલાત પુરસીસ રજુ કરેલ છે. આરોપીઓને ગુનાની મહત્તમ સજા અંગે જાણ કરેલ છે. તેમજ તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી અને ગુનો કબુલ કરશે તો તેઓ વિરુધ્ધ પુરાવો ગણાશે તેવી સમજ આપવા છતાં આરોપીઓએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માંગે છે તેવી હકીકત જણાવેલ છે.

૩. હાલના આરોપીઓ વિરુધ્ધ કૃપની એકટ અન્વયેનો આક્ષેપ છે તેમજ આરોપીઓ વિરુધ્ધ સને ર૦૧રમા કેસ રજીસ્ટર કરવામા આવેલ છે. તેમજ આરોપીઓ દરેક મુદ્દતે હાજર રહે છે જયારે આજદિન સુધી સદર કામે ફરીયાદપક્ષે કોઈ પુરાવો રજુ થયેલ નથી તે સંજોગોમાં આરોપીઓને પ્રિ–ટ્રાયલ સજા ભોગવવી પડેલ છે. સદર કંપની આરોપી પેઢી ૮ થી ૧૦ વરસ અગાઉ સરફેજી એકટ અન્વયે બંધ થઈ ગયેલ છે. તે સંજોગોમાં સને ર૦૧રથી આરોપીઓને નાહકના ધકકા ખાવા પડતા હોય આરોપીઓની કબુલાત આધારે જો દંડ કરવામા આવે તો ન્યાયનો હેતુ સરે તેમ છે. વધુમા આરોપી પેઢી બંધ થયેલ હોય હાલમા ફરીયાદમા જણાવ્યા મુજબના ધંધામા સંકળાયેલ નથી તેમજ ફરીથી આ પ્રકારનો ગુનો નહી કરે તેમ આરોપીઓ ધ્વારા જણાવવામા આવેલ છે. તે સંજોગોમાં નામ.ગુજરાત હાઈકોર્ટના ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર ર૦૦પ(૧) જી.એલ. આર.૭૦૯ ના ચુકાદાના સિધ્ધાંતો નજર સમક્ષ રાખી આરોપી સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોઈ નીચે મુજબનો હુકમ કરવામા આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કંપની ધારો ખાસ કાયદો છે તે સંજોગોમાં ક્રિ.પ્રો.કોડ કલમ–પ

અન્વયે વિશેષ સત્તા પ્રાપ્ત થયેલ હોય આરોપીઓને દાખલો બેસે તેવો દંડ કરવામા આવે તો ન્યાયનો હેતુ સરે તેમ છે. સદર કામે કલમ–૨૯૯(૪)ની જોગવાઈ જોતા પ્રત્યેક દીઠ રૂ.૫૦,૦૦૦/સુધીનો દંડ ની જોગવાઈ છે પરંતુ હાલ પેઢી બંધ થઈ ગયેલ હોય સંજોગો ધ્યાને રાખી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:: હુકમ ::**

આરોપીઓને ક્રિ.પ્રો.કોડ કલમ– ૨૪૧ અન્વયે કંપની એકટ કલમ–૨૯૯(૪) અન્વયે પ્રત્યેક આરોપી દીઠ રૂ.૭,૫૦૦/ દંડ પેટે ભરવાનો હુકમ કરવામા આવે છે.જો આરોપીઓ દંડ ભરવામા કસુર કરે તો એક વરસની સાદી કેદની સજાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તારીખઃ૩ જી,માર્ચ–૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખઃ૦૩/૦૩/૨૦૧૮
રાજપીપલા

(જતીનકુમાર શાંતિલાલ શાહ)
ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ
જી.નર્મદા,મુ.રાજપીપલા

જજ કોડ નં. જીજે ૦૦૯૩૬